વીજળી ખાનગીકરણ ઈલેક્ટ્રિસિટી એમેન્ડમેન્ટ બિલ તથા પ્રસ્તાવિત નેપ-2026નો વિરોધ

ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર ફેડરેશનની 12 ફેબ્રુઆરીના રોજ હડતાળની ચીમકી

ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિના 7 હજાર ઇજનેરો સહિત 45 હજાર કર્મચારીઓ વિરોધ પ્રદર્શન કરશે

ઉર્જા મંત્રીને નોટિસ પાઠવી છતાં ચર્ચા વિચારણા કરવામાં નહિ આવતા નિર્ણય લેવાયો

માંગણી સાથેની નોટીસ કેન્દ્રીય ઊર્જા મંત્રીને છેલ્લા દસ દિવસથી પાઠવેલી હોવા છતાં પણ ફેડરેશન સાથે કોઇ ચર્ચા વિચારણા કરવામાં આવી નથી. જેને ધ્યાનમાં રાખીને દેશ વ્યાપી હડતાલનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાંથી ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિ દ્વારા આ હડતાલને સમર્થન આપવામાં આવ્યું છે. આ હડતાલમાં ગુજરાતમાંથી બંને યુનિયનોની સંકલન સમિતિના હજારો મેમ્બરો કેન્દ્ર સરકારની વીજળી કંપનીઓનું ખાનગીકરણ તેમજ આઉટસોર્સિંગ નીતિનો વિરોધ 12 ફેબ્રુઆરીના રોજ બપોરે બે થી અઢી વાગ્યાના અરસામાં વીજ કંપનીઓની મુખ્ય ઓફીસો પર એકઠા થઇને સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શિત કરશે તેમજ આ હડતાલને કારણે ગુજરાતભરમાં કોઇપણ જગ્યાએ વીજ ક્ષેત્રે કોઇ અસર પડવા દેશે નહીં તેની ખાતરી પણ આપી હતી.

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

કેન્દ્ર સરકારના આગામી બજેટ સત્રમાં ઉર્જા મંત્રી દ્વારા વીજળી ખાનગીકરણ ઈલેક્ટ્રિસિટી 2025 તથા પ્રસ્તાવિત નેશનલ ઈલેક્ટ્રિસિટી પોલિસી 2026 તારીખ 12 ફેબ્રુઆરીના રોજ સંસદમાં રજૂ કરવાના વિરોધમાં દેશભરમાં ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર ફેડરેશન દ્વારા હડતાલનું એલાન આપવામાં આવ્યું છે. જેના સંદર્ભમાં સમગ્ર રાજ્યભરમાંથી ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિના 7 હજાર ઈજનેરો સહિત 45 હજાર જેટલા કર્મચારીઓ વિરોધ પ્રદર્શન કરશે. ભારતના જાહેર વીજ ક્ષેત્રને તોડી પાડવાની ધમકી આપતી નીતિઓ સામે લાખો વીજ કર્મચારીઓ અને ઈજનેરોમાં ભારે રોષ ફેલાયો છે. ત્યારે ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર ફેડરેશને ચેતવણી આપી છે કે, જો બજેટ સત્ર દરમિયાન સંસદમાં વીજળી સુધારા બિલ રજૂ કરવામાં આવશે, તો દેશભરના વીજ કર્મચારીઓ સાથે મળીને પાવર એન્જિનિયરો તાત્કાલિક વીજળી વિરોધી કાર્યવાહી શરૂ કરશે. જેમાં કામ બંધ કરવું અને સામૂહિક રસ્તા પર આંદોલનનો સમાવેશ થાય છે. પ્રસ્તાવિત વીજળી સુધારા બિલ 2025 અને રાષ્ટ્રીય વીજળી નીતિ 2026 એ સસ્તી વીજળી જાહેર માલિકી સંગીય માળખું અને રાષ્ટ્રીય ઉર્જા સુરક્ષા ઉપર સીધો હુમલો ગણાવ્યો છે. કેન્દ્ર સરકારના આક્રમક ખાનગીકરણ તરફના દબાણનો એઆઈપીઈએફ એ સખત વિરોધ કર્યો છે. જેમાં વિતરણમાં મલ્ટી લાઈસન્સિંગ ફરજિયાત, સ્માર્ટ મિટિરિંગ, ટ્રાન્સમિશનમાં પીપીપી અને ટીબીસીબી મોડેલ્સ કામગીરીનું આઉટસોર્સિંગ અને નોકરીઓનું કરારીકરણનો સમાવેશ થાય છે.

નવીધરતી વિસ્તારમાં રહેતા યુવકનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરા શહેરના નાગરવાડા વિસ્તારમાં આવેલા જીવન સાધના સ્કૂલના કમ્પાઉન્ડમાંથી એક અજાણ્યા પુરુષનો મૃતદેહ હોવાની બાતમી ફાયર બ્રિગેડને મળતા ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને ફાયર બ્રિગેડના જવાનો દ્વારા લાશને બહાર કાઢવામાં આવી હતી. જેને લઈને સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો છે. જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઇ હતી ફાયર બ્રિગેડ દ્વારા લાશનો કબજો પોલીસને સોંપવામાં આવ્યો હતો.

પોલીસ તપાસ દરમિયાન મૃતદેહની ઓળખ કરવામાં આવી હતી. સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ આ યુવક નવી ધરતી કાઠિયાવાડી ચાલીમાં રહેતા પ્રદીપ દયાળભાઈ પરમાર હોવાનું બહાર આવ્યું છે. ત્યારે પોલીસ દ્વારા પ્રદિપ પરમારની હત્યા કરવામાં આવી છે કે પછી કુદરતી રીતે મોત થયું છે તેને લઈને રહસ્ય ઘુટાયું છે.

સેવાસીમાં આપઘાત કરનાર યુવકના વાલી વારસોની પોલીસ દ્વારા શોધખોળ

વડોદરા શહેર જિલ્લામાં ગળે ફાંસો ખાઈ ત્રણ યુવકે જીવન ટુકાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરા શહેર જિલ્લાના ત્રણ વિસ્તરોમાં છેલ્લા 24 કલાકમાં ત્રણ જેટલા યુવકોએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.ત્યારે પોલીસ દ્વારા કયા કારણોસર આપઘાત કરી લીધો તેનું ચોક્કસ કારણે જાણવા મળ્યું નથી. જેથી પોલીસ દ્વારા મૃતદેહનું પોસ્ટ મોર્ટમ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરાઇ છે. પ્રથમ બનાવમાં સેવાસી ગામે આંબાના ઝાડ પર લટકેલો યુવકનો મૃતદેહ મળી આવ્યો વડોદરા જિલ્લાના સેવાસી ગામની ખોડિયા તળાવડી પાસેથી એક આધેડ વ્યક્તિનો મૃતદેડ આંબાના ઝાડ પર લટકેલી હાલતમાં મળી આવ્યો હતો. જેને લઇ સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઇ હતી. ગ્રામજનોએ જાણ કરતા પોલીસ તાતુલ્કા તોડી આવી હતી અને મૃતદેહને નીચે ઉતાર્યા બાદ ગોત્રી હોસ્પિટલ ખાતે પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે. મૃતકની હજુ સુધી ઓળખ છતી થઇ નથી. ત્યારે યુવકે આપઘાત કર્યો છે કે પછી તેની હત્યા કરી તેને લટકાવી દેવાયો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. તાલુકા પોલીસ દ્વારા સેવાસી ગામ સહિતના આસપાસના વિસ્તારમાં ગુમ લોકોની વિગતો મેળવવા માટેની તજવીજ હાધ ધરી છે.

બીજો બનાવ વડોદરા શહેરના કલાલી વિસ્તારમાં રહેતા 24 વર્ષીય રાહુલભાઈ રમેશભાઈ માલવીયા ઘરે એકલો હતો. તે દરમિયાન ઘરમાં અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધુ હતું. ત્યારે આ યુવકે કયા કારણોસર આપઘાત કરી લીધો હતો. તેની દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. બીજી તરફ પોલીસ દ્વારા લાશનું પીએમ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરાઇ છે. જોકે આપઘાતનું કોઈચોક્કસ જાણવા મળ્યું નથી.

ત્રીજો બનાવ કિશનવાડી ઝુપડપટ્ટીમાં 35 વર્ષીય યુવકે અગમ્યકારણોસર જીવન ટુકાવ્યું વડોદા શહેરના કિશનવાડી વિસ્તારમાં આવેલા સુદામાપુરી ઝૂંપડપટ્ટીમાં રહેતા રવિ કાંતિભાઈ ચુનારા (ઉ.વ.35) પોતાના ઘરે કોઈ કોઈ કારણોસર ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. જેની જાણ થતા પોલી તુરંત સ્થળ પર પહોંચી લાશને નીચે ઉતારીને લાશનું પીએમ કરાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. યુવકે કયા કારણોસર આ પગલુ ભર્યું તેના પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી બહાર આવ્યું નથી.

શંકરપુરા ગામે રેડ કરાઇ : મુખ્ય આરોપી નહી પકડાતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો

ટી-2-વર્લ્ડ કપની સા.આફ્રિકા તથા કેનેડાની મેચ પર સટ્ટો રમાડતા ત્રણ ઝડપાયાં

(પ્રતિનિધિ) વડોદરા તા.10

શુકરપુરા ગામની સોસાયટીમાં મકાનમાં ગ્રામ્ય એલસીબીની ટીમે રેડ કરીને હાલમા ચાલી રહેલા T-20 વર્લ્ડ કપની સાઉથ આફ્રિકા તથા કેનેડા વચ્ચે ચાલતી મેચ પર ઓનલાઈન આઇડી દ્વારા સટ્ટો રમાડતા ત્રણ સટોડિયાને ઝડપી પાડ્યાં હતા. જ્યારે મુખ્ય આરોપી નહી પકડાતા તેને વોન્ટેડ જાહેર કરાયો છે. હાલમાં ટી-20 મેન્સ વર્લ્ડ કપ 2026 ચાલી રહ્યો છે. ત્યારે અલગ અલગ ટીમો વચ્ચે મેચે રમાઇ રહી છે.

જેને લઈને ક્રિકેટનું સટ્ટા બજાર પણ પુરજોશમાં ચાલી રહી રહ્યું છે. રોજ રમાઇ રહેલી મેચ પર ક્રિકેટ સટ્ટો સટોડિયાઓ દ્વારા રમાઇ રહ્યો છે. જેના પર પોલીસ દ્વારા સતત વોચ રાખવામાં આવી રહી છે. હાલમાં ચાલી રહેલી ટી-20 વર્લ્ડ કપ ક્રિકેટ મેચ દરમ્યાન ઓનલાઇન સટ્ટા બેટીંગનો સટ્ટો રમતા સટોડિયા પર વોચ રાખવા માટે જણાવ્યું હતું.

જેને લઈને 9 ફેબ્રુઆરીના રોજ એલસીબી ટીમને બાતમી મળી હતી કે ટી-20ની સાઉથ આફ્રીકા તથા કેનેડા ટીમ વચ્ચેની મેચમાં મોબાઈલમાં આઈડી દ્વારા ઓનલાઈન ક્રિકેટ સટ્ટો દિપક ભઈલાલ પટેલ (રહે. અનંતા શુભલક્ષ્મી સોસાયટી, શંકરપુરા ગામ, તા. જી. વડોદરા) પોતાના મકાનમાં ચલાવી રહ્યો છે. જેના આધારે એલસીબીની ટીમ બાતમીવાળા ઘરે રેડ કરી હતી ત્યારે સ્થળ પરથી લેપટોપમાં તેમજ ટીવીમાં લાઇવ સ્ક્રીન ઉપર મોબાઈલ આઈ.ડી.દ્વારા ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતા દિપક ભયલાલ, સુરેન્દ્રકુમાર ચીમનલાલ પટેલ (રહે મહેસાણા) તથા અલ્પેશ કાંતીલાલ કપાસી (રહેગોધરા ટાઉન, તા.ગોધરા, જી. પંચમહાલ)ને ઝડપાઇ ગયાં હતા. મકાનમાં તેમજ આરોપીઓની અંગ ઝડતીમાં તપાસ કરતા રોકડા રૂપિયા 40 હજાર,3 લેપટોપ રૂ.75 હજાર, મોબાઈલ 1 રૂ.1.10 લાખ, ટીવી રૂ.50 હજાર તથા સેટઅપ બોક્સ, વાઈફાઈ રાઉટર સહિત રૂ. રૂપિયા 2.86 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઉલ્લેખનિય છે કે, પોલીસે ઝડપેલા આરોપીઓની ક્રિકેટ સટ્ટા બાબતે પુછપરછ કરતા જતિન મકવાણા, (રહે.પાણીગેટ પાસે, આર્યુવેદીક ત્રણ રસ્તા વડોદરા)એ ક્રિકેટ સટ્ટો રમાડવા લેપટોપ તથા 7 મોબાઈલ આપ્યું હોવાનુ જણાવ્યું હતું. જેથી પોલીસ દ્વારા જતીન મકવાણાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

વડોદરા પાલિકાનો 'કાંટાળો' વિકાસ

ડિવાઈડર પર બોગનવેલ રોપી વાહન ચાલકોને લોહીલુહાણ કરવાનું આયોજન?

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

સંસ્કારી નગરી અને સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા વડોદરામાં મહાનગરપાલિકાનો વધુ એક અણઘડ વહીવટ સામે આવ્યો છે. પર્યાવરણની જાળવણી અને શહેરના સૌંદર્યીકરણના નામે પાલિકા દ્વારા રોડના ડિવાઈડર પર કાંટાવાળા 'બોગનવેલ' ના છોડ રોપવામાં આવી રહ્યા છે, જે રાહદારીઓ અને વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ શકે તેમ છે.

તાજેતરમાં ફતેગંજ પોલીસ સ્ટેશનથી છાણી જકાતનાકા સુધીના રોડ પર આવેલા મુખ્ય ડિવાઈડર પર આ છોડ રોપવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. આશરે દોઢ ફૂટના સાંકડા ડિવાઈડર પર બોગનવેલ રોપવામાં આવતા સ્થાનિકો અને નિષ્ણાતોમાં રોષ જોવા મળી રહ્યો છે.કોંગ્રેસ નેતા અમી રાવતે આ મુદ્દે પાલિકાના વહીવટ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. આરોપ છે કે પાર્કસ એન્ડ ગાર્ડન વિભાગના જવાબદાર અધિકારીઓ પાસે પૂરતી સમજણ નથી. એવું પણ સામે આવ્યું છે કે હોર્ટીકલ્ચરનું જ્ઞાન ધરાવતા અધિકારીઓને બદલે અન્ય ક્ષેત્રના ડોક્ટરો આ કામગીરી સંભાળી રહ્યા છે, જેને કારણે આવા અવ્યવહારુ નિર્ણયો લેવાઈ રહ્યા છે.રાજ્યના મુખ્યમંત્રી જ્યારે ગુણવત્તાયુક્ત કામ અને નાગરિકોની સુવિધા પર ભાર મૂકી રહ્યા છે, ત્યારે વડોદરા પાલિકાના અધિકારીઓ દ્વારા ગ્રાન્ટના નામે કરોડો રૂપિયાનો ધુમાડો કરી આવા જોખમી આયોજનો કરવામાં આવી રહ્યા છે. સ્થાનિકોની માંગ છે કે આ જોખમી છોડને હટાવી યોગ્ય અને સુરક્ષિત પર્યાવરણલક્ષી આયોજન કરવામાં આવે. ત્યાં કામ કરી રહેલા મજૂરોએ પણ કબૂલ્યું હતું કે આ છોડમાં કાંટા હોય છે અને તેનાથી લોહીલુહાણ થવાની શક્યતા રહેલી છે.

સર્વ પ્રથમવાર ટેકનોલોજીના માધ્યમથી બીસીએની ચૂંટણી કરવામાં આવશે

બીસીએ ઓફિસ ખાતે ચૂંટણી અધિકારી દ્વારા ઉમેદવારો માટે ઓરિએન્ટેશન બેઠક

આ પ્રકારની પદ્ધતિથી મતદાનનો ઉપયોગ પ્રથમ વખત બીસીએમાં થશે

બોગસ મતદાન ન થાય તેની તકેદારી રાખવાની છે. એને ધ્યાનમાં રાખીને અમે લોકોએ આ વખતે મોબાઇલ એપ્લિકેશનના માધ્યમથી ચૂંટણી કરાવવા જઈ રહ્યા છે. આ ચૂંટણીમાં દરેક મતદારનો ફોટોગ્રાફ્સ અને આઈકાર્ડ સિસ્ટમમાં સ્ટોર કરવામાં આવશે. જે પબ્લિકલી જોઈ શકાશે અને ઉમેદવારો પણ જોઈ શકશે કોણે કોણે મતદાન કર્યું છે. કેટલા વાગે, કેટલી મિનિટે, કેટલી સેકન્ડે, કઈ તારીખે મતદાન કર્યું છે. આ તમામ વિગતો લીંકના માધ્યમથી શેર કરીશું. ભારત દેશમાં આ પ્રકારની પદ્ધતિથી મતદાન કરાવવાની સિસ્ટમ પ્રથમ વખત બરોડા ક્રિકેટ એસોસિએશનમાં કરવા જઈ રહ્યા છીએ. **હિતેશ પટેલ,** ચૂંટણી અધિકારી

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

બરોડા ક્રિકેટ એસોસિએશનની આગામી ચૂંટણીને આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે, વડોદરાના રમતગમત જગતમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વહીવટી તંત્ર અને ચૂંટણી કમિશન દ્વારા પણ પારદર્શક મતદાન માટેની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. વડોદરા શહેરમાં આગામી 15 મી ફેબ્રુઆરીના રોજ બીસીએની ચૂંટણી યોજાનાર છે, તેને લઈને ચૂંટણી કમિશનર અને તેમની ટીમે તમામ ઉમેદવારો માટે પીપીટી દ્વારા એક ખાસ ઓરિએન્ટેશન બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય ચૂંટણી પ્રક્રિયાને લઈને કોઈપણ પ્રકારની દ્વિધા દૂર કરવાનો અને ટેકનોલોજીના માધ્યમથી પ્રક્રિયા સમજાવવાનો હતો. ચૂંટણી કમિશન દ્વારા તમામ ઉમેદવારોને મોટી સ્ક્રીન પર પ્રેઝન્ટેશન દ્વારા સમજાવવામાં આવ્યું હતું કે, મતદાનના દિવસે કઈ રીતે કામગીરી થશે.

મતદાન કેવી રીતે કરવું અને બેલેટ પેપર અથવા મશીનનો ઉપયોગ કઈ રીતે થશે તેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આદર્શ આચારસંહિતા અને ઉમેદવારોએ પાળવાના શિસ્તના નિયમો સમજાવવામાં આવ્યા હતા. મતગણતરી સમયે કઈ અને કેવી રીતે સાવચેતી રાખવામાં આવશે અને પ્રક્રિયા કેટલી પારદર્શક રહેશે તેની ખાતરી આપવામાં આવી હતી.

વડોદરાના ક્રિકેટ પ્રેમીઓ અને બીસીએના સભ્યો માટે આ ચૂંટણી ખૂબ જ મહત્વની છે. કારણ કે, આગામી 3 વર્ષ 2026-2029 માટે એસોસિએશનનું સુકાન કોના હાથમાં રહેશે તેનો નિર્ણય આગમી યોજાનારી ચૂંટણીના મતદાનથી થશે.

સામાજિક કાર્યકરો દ્વારા સઘન સફાઈ અભિયાન

વડોદરાના ઐતિહાસિક યવતેશ્વર ઘાટની શિવરાત્રિ પર્વ પૂર્વે કાયાપલટ

(પ્રતિનિધિ), વડોદરા. તા.10

આગામી પવિત્ર મહાશિવરાત્રિ ના પર્વને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે વડોદરાની વિશ્વામિત્રી નદીના કિનારે આવેલા ઐતિહાસિક અને ધાર્મિક મહત્વ ધરાવતા યવતેશ્વર ઘાટ ખાતે સામાજિક કાર્યકરો અને પર્યાવરણ પ્રેમીઓ દ્વારા એક વિશેષ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. શિવભક્તોને પૂજા-અર્ચનામાં કોઈ અગવડ ન પડે અને નદીનું શુદ્ધિકરણ થાય તેવા ઉમદા હેતુથી આ સેવાકીય કાર્ય કરવામાં આવ્યું હતું. વડોદરાના કાળાઘોડા વિસ્તારમાં વિશ્વામિત્રી નદીના તટે આવેલું યવતેશ્વર મહાદેવનું મંદિર વર્ષો જૂનું છે. દર વર્ષે મહાશિવરાત્રિ દરમિયાન અહીં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતા હોય છે. જોકે, નદી કિનારે જમા થયેલો કચરો, પ્લાસ્ટિક અને જંગલી વનસ્પતિને કારણે ઘાટની સુંદરતા જોખમાઈ હતી. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને શહેરના જાગૃત સામાજિક કાર્યકરોની ટીમે શ્રમદાન કરી ઘાટની સફાઈ શરૂ કરી હતી. પ્લાસ્ટિક મુક્તિ :- નદીના પટ અને ઘાટના પગથિયાં પરથી મોટી માત્રામાં પ્લાસ્ટિકની કોથળીઓ, જૂના કપડાં અને અન્ય અશુદ્ધિઓ દૂર કરવામાં આવી હતી. જંગલી વનસ્પતિનો નિકાલ :- ઘાટની આસપાસ ઉગી નીકળેલા ઝાંખરા અને જંગલી વનસ્પતિને દૂર કરી ભક્તો

માટે અવર-જવરનો માર્ગ મોકળો કરવામાં આવ્યો હતો. જનજાગૃતિનો સંદેશ :- સફાઈ દરમિયાન કાર્યકરોએ ત્યાંથી પસાર થતા નાગરિકોને નદીમાં પૂજાપો કે કચરો ન ફેંકવા માટે નમ્ર અપીલ કરી. અભિયાનમાં જોડાયેલા સામાજિક કાર્યકરે જણાવ્યું હતું કે, "વિશ્વામિત્રી આપણી માતા સમાન છે અને યવતેશ્વર ઘાટ આપણી ધાર્મિક ધરોહર છે. તંત્ર તો પોતાનું કામ કરશે જ, પરંતુ એક જાગૃત નાગરિક તરીકે આપણી પણ ફરજ છે કે આપણે આપણા ધાર્મિક સ્થળોને સ્વચ્છ રાખીએ. મહાશિવરાત્રિએ જ્યારે ભક્તો અહીં આવે ત્યારે તેમને પવિત્ર અને સુંદર વાતાવરણ મળે તે અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.

પોલીસ દ્વારા ઈન્ટર-એજન્સી કોઓર્ડીનેશન માટે સમીક્ષા બેઠક

શિવજીકી સવારી-મહાઆરતીના સ્થળની સુરક્ષા-સલામતી બાબતે સમીક્ષા કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.10

સંસ્કારી વડોદરામાંથી આગામી 15 ફેબ્રુઆરીના મહાશિવરાત્રીના તહેવાર નિમિતે વડોદરા શહેરમાં જુદા-જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી "શિવજી કી સવારી" શોભાયાત્રા પસાર થવાની છે. આ યાત્રામાં શિવ ભક્તો મોટી સંખ્યામાં જોડાતા હોય છે. ઉપરાંત સુરસાગર તળાવ ખાતે મહાઆરતી થવાની હોય તથા શહેરના જુદા-જુદા શિવમંદિરોમાં ભગવાન શિવની પુજા-અર્ચના તથા ભંડારા અને શોભાયાત્રાઓ નીકળવાની છે. ત્યારે ઈન્ટર-એજન્સી કોઓર્ડીનેશન તથા આયોજકો સાથે પોલીસ ભવન ખાતે પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારના અધ્યક્ષ સ્થાને બેઠક યોજવામાં આવી હતી. જેમાં અધિક પોલીસ કમિશ્નર, ક્રાઈમ, કાયદો અને વ્યવસ્થા, તમામ ઝોનના નાયબ પોલીસ કમિશ્નર, કલેકટર કચેરી, મ્યુનિસીપલ કોર્પોરેશન, એસએસજી હોસ્પિટલ, હેલ્થ વિભાગ, ફાયર બ્રિગેડ,આર એન્ડ બી, બીએસએનએલ, એમજીવીસીએલ સહિતના કચેરીઓના અધિકારીઓ તથા આયોજકો હાજર રહ્યાં હતા. ત્યારે આ બેઠકમાં "શિવજી કી સવારી" શોભાયાત્રા તથા જુદા-જુદા શિવ મંદિરમાં યોજાનાર કાર્યક્રમો દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને માટે વિવિધ એજન્સીઓ અને આયોજકો સાથે સંકલન સાધીને જરૂરી ચર્ચા પરામર્શ કરવામાં આવ્યો હતો.

ઉપરાંત શિવજીકી સવારી શોભાયાત્રા તથા મહાઆરતીના સ્થળની આસપાસના સ્થળો ઉપર સુરક્ષા અને સલામતી અંગે સમીક્ષા કરવા સાથે વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ સુરક્ષા વ્યવસ્થા તથા આયોજન બાબતે જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી.

શિવજીની સવારીની તૈયારી : સુરસાગર ખાતે સાફ-સફાઈ

■ શહેરમાં શિવરાત્રીએ યોજાનાર શિવજી કી સવારીની તૈયારીના ભાગરૂપે કોર્પોરેશન દ્વારા સૂરસાગર ખાતે સાફ સફાઇ કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ અને વ્યાપક સમુદાય વચ્ચે જોડાણ-સહકાર માટે એક સક્રિય મંચ ઉભું કરાયું

એમએસયુની સોશિયલ વર્ક ફેકલ્ટી દ્વારા એનજીઓ ફેરનું આયોજન કરાયું

માહિતીપ્રદ સ્ટોલ અને પરસ્પર સંવાદ દ્વારા પોતાની પહેલ, સેવાઓ અને સમુદાય હસ્તક્ષેપોનું પ્રદર્શન કર્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ સોશિયલ વર્ક દ્વારા એનજીઓ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એનજીઓ ફેરનું ઔપચારિક ઉદ્ઘાટન ફ્રેન્ડ્સ સોસાયટીના ચેરમેન ટ્રસ્ટી ભરત મહેતા અને લાર્સન એન્ડ ટુબ્રોના સીએસઆર હેડ દ્વારા કરવામાં આવ્યું હતું. મહાનુભાવોએ સામાજિક પડકારોને પહોંચી વળવા અને સર્વસમાવેશક વિકાસને પ્રોત્સાહન આપવા માટે એનજીઓ, કોર્પોરેટ ક્ષેત્ર અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચેના સંયુક્ત પ્રયાસોની મહત્વતા પર ભાર મૂક્યો હતો. તેમણે સોશિયલ વર્ક ફેકલ્ટી દ્વારા સંવાદ, નેટવર્કિંગ અને સામાજિક જોડાણ માટે અર્થપૂર્ણ મંચ પૂરું પાડવાના આ પ્રયાસની પ્રશંસા કરી હતી. આ ફેરમાં કુલ 25 એનજીઓએ સક્રિય રીતે ભાગ લીધો હતો. જેમાં મહિલા સશક્તિકરણ, બાળ કલ્યાણ, વૃદ્ધ સેવા, દિવ્યાંગતા, આરોગ્ય, પર્યાવરણ, યુવા અને કિશોર વિકાસ, સમુદાય વિકાસ અને શિક્ષણ જેવા વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત સંસ્થાઓનો

સમાવેશ થતો હતો. આ સંસ્થાઓએ માહિતીપ્રદ સ્ટોલ અને પરસ્પર સંવાદ દ્વારા પોતાની પહેલ, સેવાઓ અને સમુદાય હસ્તક્ષેપોનું પ્રદર્શન કર્યું હતું. આ કાર્યક્રમને ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો હતો. જેમાં લગભગ 475 મુલાકાતીઓએ ફેરની મુલાકાત લીધી હતી. તેમાં વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો અને સામાન્ય નાગરિકોનો સમાવેશ થતો હતો. આ ફેર નેટવર્કિંગ, જ્ઞાન વહેંચણી અને વિવિધ સામાજિક મુદ્દાઓ અંગે જાગૃતિ ફેલાવવા માટે મહત્વપૂર્ણ મંચ સાબિત થયો હતો. સાથે જ, આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને સામાજિક ક્ષેત્રની સંસ્થાઓના કાર્યપ્રણાલી અંગે પ્રાયોગિક અનુભવ અને સીધી સમજ પ્રાપ્ત કરવાની મૂલ્યવાન તક મળી હતી.

વાક યુદ્ધ સર્જાયું

દિવાળીપુરા કોર્ટ રોડ પુરપાટ દોડી રહેલી કારે રિક્ષાને ટક્કર મારતા બંનેને નુકસાન

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

વડોદરા શહેરના અતિ વ્યસ્ત કહેવાતા દિવાળીપુરા કોર્ટ રોડ પર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલી કારે રોડ ક્રોસ કરી રહેલી રિક્ષાને જોરદાર ટક્કર મારતા બંને વાહનોને નુકસાન થયું હતું. વાક યુદ્ધ સર્જાતા પોલીસે આવી આગળની કાર્યવાહી હાથધરી હતી. વડોદરાના દિવાળીપુરા કોર્ટ રોડ પરથી એક રિક્ષા ચાલક રસ્તો ક્રોસ કરી રહ્યો હતો. દરમિયાન કોર્ટ રોડ તરફથી આવી રહેલી એક કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા રિક્ષા સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારના બ્રેક મારવાથી રસ્તા પર ટાયરના ઘસાવવાના નિશાન પડી ગયા હતા. જે કારની અતિશય ઝડપ દર્શાવે છે. જોરદાર ટક્કરના કારણે રિક્ષા તથા કારના આગળના ભાગે ભારે નુકસાન થયું હતું. અકસ્માત

બાદ લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. જેના કારણે માર્ગ પર વાહનવ્યવહાર ખોરવાયો હતો અને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. બનાવને પગલે બંને ચાલકો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને તૂ-તૂ મેં-મેંની સ્થિતિ પણ સર્જાઈ હતી. બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે ટ્રાફિક હળવો કરાવી બંને વાહનોને સાઈડમાં ખસેડ્યા હતા તેમજ અકસ્માતનો ગુનો નોંધી કાર ચાલકની ઝડપ અને બેદરકારી બાબતે વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નોવિનો રોડ પર હિટ એન્ડ રનની ઘટના બની

અજાણ્યા કાર ચાલકે બાઈકને અડફેટે લેતા એક જ પરિવારના ત્રણ લોકો ઈજાગ્રસ્ત

હેલ્મેટ બચ્યું રક્ષક, અકસ્માતની ભયાનકતા છતાં હેલ્મેટના કારણે બાઈક ચાલકનો જીવ બચ્યો, કાર ચાલક ફરાર

(પ્રતિનિધિ), વડોદરા. તા.10

શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલા વ્યસ્ત નોવિનો રોડ પર આજે એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. પુરપાટ ઝડપે આવી રહેલા એક અજાણ્યા ફોરવીલર ચાલકે આગળ જઈ રહેલા બાઈક સવારને જોરદાર ટક્કર મારી હતી અને અકસ્માત સર્જીને ચાલક પોતાની કાર સાથે ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ દુર્ઘટનામાં બાઈક પર સવાર એક પુરુષ અને બે મહિલાઓને ગંભીર ઈજાઓ પહોંચી છે.

મળતી માહિતી મુજબ, એક બાઈક સવાર બે મહિલાઓ સાથે નોવિનો રોડથી મકરપુરા તરફ જઈ રહ્યો હતો. તે દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલી એક અજાણી ફોરવીલરે બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે બાઈક પર સવાર ત્રણેય વ્યક્તિઓ રોડ પર ફંગોળાયા હતા.

અકસ્માત સર્જ્યા બાદ માનવતા નેવે મૂકીને કાર ચાલક ઉભા રહેવાને બદલે વાહન સાથે ત્યાંથી ભાગી છૂટ્યો હતો. અકસ્માતને પગલે આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી.

ઈજાગ્રસ્ત એક પુરુષ અને બે મહિલાઓને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે મકરપુરાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ગંભીર અકસ્માતમાં સૌથી મોટી રાહતની વાત એ રહી કે બાઈક ચાલકે હેલ્મેટ પહેરેલું હતું.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ટક્કર બાદ બાઈક ચાલ